**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૨/૬/૨૦૧૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૮/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૨૧૮ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૫ બિયર ટીન, ૧ સ્કૂટર અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૯/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૦૦/૧૫</u>**

**સોલા હાઈકોર્ટઃ** અલ્પેશભાઇ બાબુભાઇ પટેલ (રહે.સિલ્વર સ્ટાર રેસીડેન્સી, ચાંદલોડીયા)એ તા.૧૧/૬/૧૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૬/૧૫ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે સિલ્વર સ્ટાર કોમ્પલેક્ષ કિષ્ના સ્વીટની દુકાન નજીકથી પોતાની મહિન્દ્રા પિકઅપ ગાડી નંબર જીજે.૦૨. ૬૫૪૩ કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- બે અજાણ્યા પુરૂષો ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.

**ગાયકવાડ હવેલી :** અનીસખાન સાહેબખાન મલેક (રહે.ગરીબ આવાસ યોજના, અજીતમીલ રખિયાલ) એ તા.૩૧/૫/૧૫ બપોરનાં ૪/૦૦ વાગે સેવા સદન બિલ્ડીંગ સામે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે ૨૭ યુ. ૬૮૫ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ત્રીસ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ અનીશખાન મલેકે તા.૧૧/૬/૧૫ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.ડામોર ચલાવે છે.

**<u>કરંટ લાગતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૦૧/૧૫</u>**

**બાપુનગર :** ધરમેંદ્રભાઈ બાબુભાઈ બુટાણી (ઉ.વ.૨૨)(રહે. સત્રીતા રો હાઉસ, સરદાર મોલની બાજુમાં, નિકોલ) તા.૧૧/૬/૧૫ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે બાપુનગર ચંદ્રપ્રસાદ દેસાઈ હોલ સામે આવેલ કહ્ના પાર્ક મકાન નંબર ૨૮ માં કામ કરતાં હતા દરમ્યાન દિવાલમાં ઝરી પાડવાનાં ગ્લાઈન્ડર મશીનથી શોર્ટ લાગતાં, સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.સી.ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૧૨૦૨/૧૫**

**રીવરફ્રન્ટ (ઇસ્ટ) : (૧)** તા.૧૧/૬/૧૫ સવારનાં ૯/૦૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે ઇન્દીરાબ્રીજ સર્કલથી ગાંધીનગર જતી નદીમાં ડુબી જઇ મરણ ગયેલ એક અજાણ્યા (૪૦ વર્ષના આશરાના) પુરૂષની લાશ રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસને મળી આવતાં, આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અજીતસિંહ જવાનસિંહ ચલાવે છે.

**(૨)** વિનોદભાઇ ન્યાલચંદ તલસાણીયા (ઉ.વ.૬૫)(રહે.આસોપાલવ એપાર્ટમેન્ટ, રીંગ રોડ, નારણપુરા)એ તા.૧૧/૬/૧૫ સવારનાં ૧૦/૨૮ વાગ્યા પહેલાં કોઇપણ સમયે નારણઘાટ ખાતે સાબરમતી નદીમાં ડુબી જઇ મરણ ગયેલ. જેઓની લાશ રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસને મળી આવતાં, આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમસિંહ ચંદ્રસિંહ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)